પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૫૮ | ૨૯ નવેમ્બર, ૨૦૧૮, ગુરૂવાર; કારતક વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પાક. પોતાની જવાબદારી નીભાવે : વિદેશ મંત્રાલય

કાશ્મીર પર પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાનખાને આપેલ નિવેદન બાબતે ભારતે નારાજગી દર્શાવી છે. વિદેશ મંત્રાલયે કહ્યુ છે કે પાકિસ્તાન આતંકવાદને રોકે. આ તેની આંતરરાષ્ટ્રીય જવાબદારી છે.

### હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી મુશ્કેલીમાં

આવકથી વધુ સંપત્તિ મામલે હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ઓમપ્રકાશ ચૌટાલાને કોર્ટમાં હાજર રહેવા પ્રોટેક્શન વોરંટ બજાવ્યુ છે. ચૌટાલા પર લગભગ છ કરોડ રૂપિયાના મની લોન્ડ્રીંગનો આરોપ છે.

### સુરત રેલવે યાર્ડમાં કોચ અપગ્રેડ કરાશે

પશ્ચિમ રેલવેએ મુસાફરોને વધુ સારી અને આરામદાયક સુવિધા આપવા માટે મોટા પાયે મેલ અને એક્સપ્રેસ ટ્રેનોના કોચમાં બદલાવ કરી રહી છે. સુરત રેલવે યાર્ડમાં પ્રથમવાર ભારતીય રેલવેની ઉત્કૃષ્ટ યોજના હેઠળ મેલ અને એક્સપ્રેસ ટ્રેનોમાં કોચ અપગ્રેડ કરાઈ રહ્યા છે.

### ચીનમાં પ્રથમવાર ડીઝાઈનર બેબીનો જન્મ

ચીનના એક સંશોધનકર્તાએ દાવો કર્યો છે કે તેણે વિશ્વની પ્રથમ ડિઝાઈનર બેબીને જન્મ આપ્યો છે. આ મહિને જન્મેલ જુડવા બાળકીઓના ડીએનએમાં પરિવર્તન લાવવા માટે ક્રિસ્પર ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

# મધ્યપ્રદેશ-મિઝોરમમાં વિક્રમ મતદાન

## મિઝોરમમાં ૭૧ ટકા, મધ્યપ્રદેશમાં ૭૪ ટકાથી વધુ મતદાન : મધ્યપ્રદેશમાં ૨૮૯૯ અને મિઝોરમમાં ૨૦૯ ઉમેદવારોના ભાવિ મતદાન સાથે ઇવીએમમાં : શિવરાજ જીતનો ચોગ્ગો લગાવશે કે કેમ તે અંગે સસ્પેન્સ



નવી દિલ્હી, તા.૨૮

મધ્યપ્રદેશ અને મિઝોરમમાં હાઈવોલ્ટેજ અને હાઈપ્રોફાઈલ ચૂંટણી માટે આજે શાંતિપૂર્ણરીતે મતદાન થયું હતું. ઘણી જગ્યાઓએ ઈવીએમ ખરાબ થવાની ફરિયાદ મળી હતી. મતદાન માટે નિર્ધારિત સમય પૂર્ણ થયા બાદ પણ ઘણી જગ્યાએ લાંબી લાઈનો રહી હતી જેથી તેમને મતદાન કરવાની તક અપાઈ હતી. મધ્યપ્રદેશમાં આજે ૭૪ ટકાથી વધુ મતદાન થયું હતું જયારે મિઝોરમમાં ૭૧ ટકાથી વધુ મતદાન થયું હતું. મતદાન પૂર્ણ થતાંની સાથે જ બંને રાજ્યોમાં તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આની સાથે જ હવે કોની જીત થશે અને કોની હાર થશે. શિવરાજસિંહ ચૌહાણ જીતનો ચોગ્ગો લગાવી શકશે કે કેમ તે અંગે ૧૧મી ડિસેમ્બરે જાણી શકાશે. કોંગ્રેસ પાર્ટી મિઝોરમમાં સરકાર જાળવી શકશે કે કેમ તે અંગે પણ ૧૧મીએ જ ફેંસલો થશે. તમામ મોટા મહારથીઓના ભાવિ પણ સીલ થયા હતા. અગાઉ વિધાનસભાની ચૂંટણી માટે આજે સવારે મતદાનની શરૂઆત થઈ હતી. બંને રાજ્યોમાં શરૂઆતથી જ મોટી સંખ્યામાં મતદારો તેમના મતાધિકારન ઉપયોગ કરવા માટે બહાર નિકળ્યા હતા. શરૂઆતમાં જ બંને રાજ્યોમાં સ્થાપિત કરવામાં આવેલા મતદાન મથકો પર મતદારોની લાંબી લાઇન જોવા મળી હતી. મુખ્યપ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે પણ તેમના મતાધિકારનો ઉપયોગ શરૂઆતમાં જ કર્યો હતો. કેટલાક બુથ પર ઈવીએમ ખરાબ થયા હોવાની ફરિયાદ ઉઠી હતી. મધ્યપ્રદેશમાં ૨૩૦ સીટો પૈકી ત્રણૅ પર સવારે સાત વાગે મતદાનની શરૂઆત થઈ હતી. મધ્યપ્રદેશમાં મતદાનની સાથે જ ૨૮૯૯ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આવી જ રીતે મિઝોરમમાં ૪૦ વિધાનસભા બેઠકો માટે મતદાનની શરૂઆત થયા બાદ મેદાનમાં રહેલા તમામ ૨૦૯ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. મધ્યપ્રદેશમાં ૫.૦૪ કરોડ અને મિઝોરમમાં ૭૭૦૩૯૫ મતદારો પૈકી મોટા ભાગના મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે શરૂઆતથી જ ઉત્સુક દેખાયા હતા. છત્તિસગઢમાં આ પહેલા ચૂંટણીના બંને તબક્કામાં રેકોર્ડ મતદાન થયા બાદ ચૂંટણી પંચ મધ્યપ્રદેશ અને મિઝોરમમાં પણ ઉંચા મતદાનની ખાતરી કરવા માટે તમામ તૈયારી કરી હતી. મધ્યપ્રદેશમાં કુલ પાંચ કરોડ ચાર લાખ ૯૫ મતદારો પૈકી લાખો મતદારો તો શરૂઆતમાં પણ મતદાન કરવા માટે ઉત્સુક દેખાયા હતા. આ વખતે મધ્યપ્રદેશમાં ભાજપે સૌથી વધારે તમામ ૨૩૦ સીટો પર પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. જયારે કોંગ્રેસે ૨૨૯ અને બહુજન સમાજવાદી પાર્ટીએ ૨૨૭ સીટો પર પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. મતાદન બાદ તમામના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. પૂર્વ પ્રધાન અરૂણ યાજવ આ વખતે મુખ્યપ્રધાન શિવરાજ સિંહ ચોહાણની સામે ચૂંટણી મેદાનમાં છે. મધ્યપ્રદેશમાં સોમવારના દિવસે ચૂંટણી પ્રચારનો

● અનુસંધાન પાન-૭ પર

### મતદાનની સાથે સાથે...

#### ૧૧મી ડિસેમ્બરે તમામના ભાવિનો ફેંસલો થશે

- મધ્યપ્રદેશમાં ૨૩૦ વિધાનસભા સીટ માટે શાંતિપૂર્ણ મતદાન પરિપૂર્ણ
- મધ્યપ્રદેશમાં ૭૪ ટકાથી વધુ અને મિઝોરમમાં ૭૧ ટકાથી વધુ મતદાન થયું
- મધ્યપ્રદેશ અને મિઝોરમ બંને રાજ્યોમાં અનેક જગ્યાઓએ ઈવીએમમાં ખામી સર્જાઈ હોવાના અહેવાલ પણ મળ્યા
- ભાજપે કમલનાથ સામે આચારસંહિતા ભંગને લઈને ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ કરી
- બંને રાજ્યોમાં કોની સરકાર બનશે તે અંગે ૧૧મી ડિસેમ્બરે ફેંસલો થશે
- મધ્યપ્રદેશમાં ૨૩૦ વિધાનસભા સીટ માટે ૨૮૯૯ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થયા
- મધ્યપ્રદેશમાં કુલ ૫.૦૪ કરોડ મતદારો પૈકી મોટી સંખ્યામાં મતદાર શરૂઆતમાં મતદાન કરવા માટે બહાર આવ્યા અને અંતે ૬૫ ટકાથી વધુ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો
- શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા માટે બંને રાજ્યોમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી જેથી મતદારો પણ ઉત્સાહિત દેખાયા હતા
- મધ્યપ્રદેશમાં કુલ ૬૫હજાર ૩૪૧ મતદાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા
- મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન શિવરાજ સિંહ ચોહાણની સામે પૂર્વ પ્રધાન અરૂણ યાદવ ચૂંટણી મેદાનમાં છે
- તમામ જગ્યાએ ઈવીએમ મશીનથી મતદાન કરાયું

● અનુસંધાન પાન-૭ પર

# અસ્થાના સંબંધિત કેસ ફાઈલ ચકાસવાની વર્માને અંતે મંજુરી

## દિલ્હી હાઈકોર્ટે આલોક વર્માને લીલીઝંડી આપી : આજે સાંજે ૪.૩૦ વાગે કેસ ફાઇલોમાં ચકાસણી કરાશે

નવી દિલ્હી, તા. ૨૮

દિલ્હી હાઈકોર્ટે સીબીઆઈના સ્પેશિયલ ડિરેક્ટર રાકેશ અસ્થાના સામે એફઆઈઆર સાથે સંબંધિત સીવીસીની ઓફિસ ફાઈલ કેસમાં તપાસ કરવા સીબીઆઈના ડિરેક્ટર આલોકકુમાર વર્મા અને જોઈન્ટ ડિરેક્ટર એકે શર્માને મંજુરી આપી દીધી છે. રાકેશ અસ્થાના સાથે સંબંધિત કેસ ફાઈલમાં નિરીક્ષણ કરવાની મંજુરી આપવામાં આવી છે. જસ્ટિસ નઝમી વઝીરીએ અસ્થાના સામે કાર્યવાહીના સંદર્ભમાં યથાસ્થિતિ જાળવવા સીબીઆઈને આદેશ આપતા ચુકાદાને યથાવત રાખ્યો છે. તેના આદેશને ૭મી ડિસેમ્બર સુધી લંબાવી દીધો છે. રાકેશ અસ્થાના દ્વારા લાંચ કેસમાં તેમની સામે દાખલ કરવામાં આવેલી એફઆઈઆરને રદ કરવાની માંગ કરી હતી. કોર્ટે ગુરુવારે ૪.૩૦ વાગે સીવીસીની ઓફિસમાં સેન્ટ્રલ વિજિલન્સ કમિશનની કસ્ટડીમાં રાખવામાં આવેલી કેસ ફાઈલને જોવા માટે વર્માને મંજુરી આપી છે. સીબીઆઈના પોલીસ અધિકારી સતિષ બાગર પણ નિરીક્ષણ વેળા ઉપસ્થિત રહેશે. કેસ ફાઈલ અને દસ્તાવેજો સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ચકાસણી માટે સીવીસીને મોકલી દેવામાં આવ્યા છે. વર્મા સામે તપાસ કરવા વિજિલન્સ સંસ્થાને સુપ્રીમ કોર્ટે આદેશ કર્યા બાદ આ ચુકાદો આવ્યો છે. વર્મા અને શર્માના વકીલો દ્વારા મૌખિકરીતે રજૂઆત કરી હતી કે, ફાઈલની ચકાસણી કરવાની જરૂર છે જેથી મંજુરી મળવી જોઈએ. અસ્થાનાની અરજીમાં તેમની સામે ગંભીર પ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા હતા. સુનાવણી દરમિયાન કોર્ટે શર્માના વકીલની અરજીને મંજુરી આપી હતી જેમાં સીલકવરમાં ચોક્કસ બાબતો રજૂ કરવા કહેવામાં આવ્યું છે.


# સાર્કનું આમંત્રણ ઠુકરાવતું ભારત

## આતંક અટકાવો બાદ વાતચીત : મોદી પાક. નહિ જાય : કરતારપુર કોરિડોર ખોલવાથી ભારત-પાક વચ્ચે વાતચીત શરુ નહિ થાય : સુષ્મા

ન્યુ દિલ્હી/ભોપાલ,તા.૨૮

ભોપાલઃ ભારતે પડોસી પાકિસ્તાનને ફરી એક વાર સ્પષ્ટ કરી દીધું છે કે આતંકવાદ અને વાતચીત સાથેસાથે ન ચાલી શકે. વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે પડોસી દેશના સાર્ક સંમેલનમાં ભારતને આમંત્રણ આપવાના અહેવાલો પર પ્રતિક્રિયા આપતા કહ્યુ કે આતંક ન અટકે ત્યાં સુધી કોઈ વાતચીત ન થઈ શકે. વિદેશ મંત્રીએ સ્પષ્ટ કરી દીધું કે પીએમ મોદી સાર્ક સંમેલનમાં ભાગ પાકિસ્તાન નહીં જાય. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે સાર્ક સંમેલન માટે ભારતને નિમંત્રણ પાઠવ્યાની વાત કહી હતી. જ્યારથી પાકિસ્તાનની પાસે સાર્ક અધ્યક્ષનું પદ ગયું છે, આ સંગઠનની કોઈ બેઠક થઈ શકી જ નથી.

સુષ્મા એ બુધવારના રોજ ભોપાલમાં એક પત્રકાર પરિષદમાં કહ્યું કે પાડોશી સાથે વાતચીત કેવી રીતે થઈ શકે. સુષ્માએ સાર્ક સંમેલનમાં ભારતે સામેલ નહીં થવાનો સ્પષ્ટ ઈક્રાર કરી દીધો. તેમણે કહ્યું કે આપણે પઠાનકોટ અને ઉરી હુમલાને પણ જોવો પડશે. વાત અને આતંક સાથોસાથ ચાલી શકે નહીં.




સાર્ક સમિટ માટે પીએમ મોદીને પાકે નિમંત્રણ પાઠવવા પર સુષ્મા એ કહ્યું કે સાર્ક સંમેલન માટે તારીખ તમામ સભ્યોની સહમતિના આધાર પર નક્કી કરાય છે. આ એક સામાન્ય પરંપરા છે. તારીખ નક્કી થયા બાદ જ સભ્ય રાષ્ટ્રોને ઔપચારિક નિમંત્રણ મોકલાય છે. એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે ભારત સાર્ક સંમેલનમાં કોઈ ખાસ અતિથિ

● અનુસંધાન પાન-૭ પર

# પાક સરકાર-સેના ભારત સાથે સારા સંબંધ ઈચ્છે છે : ઈમરાન

કરતારપુર, તા. ૨૮

શીખના પવિત્ર સ્થળ કરતારપુર સાહેબ માટે કોરિડોરના શિલાન્યાસના પ્રસંગે પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને દુશ્મની ભુલીને દોસ્તીના માર્ગ ઉપર આગળ વધવા આજે અપીલ કરી હતી. ઈમરાને કહ્યું હતું કે, પાકિસ્તાની સરકાર અને સેના વચ્ચે હંમેશા મતભેદના સમાચાર રહે છે પરંતુ પાકિસ્તાની સેના અને સરકાર બંને ભારત સાથે સારા સંબંધ ઈચ્છે છે. ભારત સાથે સારા સંબંધોને લઈને બંનેના એક મત રહેલા છે. ઈમરાને કહ્યું હતું કે, બંને તરફથી ભુલો થઈ છે પરંતુ જ્યાં સુધી આગળ વધીશું નહીં ત્યાં સુધી દુશ્મની ખતમ થઈ શકશે નહીં. પાકિસ્તાની વડાપ્રધાને પોતાના

● અનુસંધાન પાન-૭ પર

**વેચાણ**

દુકાન નં. ૧૫, ભોંયતળિયે, N-54 કોમ્પ્લેક્ષ, વાવોલ - પુન્દ્રાસણ, કલોલ રોડ, વાવોલ ચાર રસ્તા

રૂ. ફક્ત ૧૮,૦૦,૦૦૦

મો. ૯૮૨૪૦ ૯૯૭૩૩

૩ ડિસેમ્બર થી શરૂ થતી બેચમા જોડાઈ...

કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો

નાણાવટી

નવુ સરનામું : અરિહંત તથા ઘ-૨ સર્કલ વચ્ચે, ઘ-રોડ, સે.૭-બી,
નવો ફોન નં.:૯૬૨૪૦ ૧૦૫૫૫, ઓફીસ સમયઃસવારે ૮ થી ૧, સાંજે ૪ થી ૮
For more details : www.nanavatisworld.com

# જેને મગ-મસૂરમાં તફાવત ખબર નથી તે ખેતી શીખવવા આવ્યા છે : મોદી

## એક કામદાર એક નામદાર સામે લડાઈના મેદાનમાં છે

નાગૌર,તા.૨૮

રાજસ્થાન વિધાનસભાની ચૂંટણી પ્રચાર હેઠળ બુધવારે વડાપ્રધાન મોદીએ નાગૌરમાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. આટલું જ નહીં, પીએમ મોદીએ નામદાર શબ્દનો ઉપયોગ કરી કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી પર નિશાન સાધ્યુ હતું. રાજસ્થાનના નાગૌરમાં પી.એમ. મોદીએ એક રેલી દરમિયાન જણાવ્યું કે જે લોકોને એ ખબર નથી કે ચણાનું વાવેતર થાય છે કે વૃક્ષ અને જેને એ પણ નથી ખબર કે મગ અને મસૂરમાં શું તફાવત છે તેઓ આજે દેશને ખેતી શીખવાડી રહ્યા છે. અમે અહીં અમારા પૌત્ર-પૌત્રની ભલાઈ માટે નહિ પરંતુ તમારા વિકાસ માટે મત માંગવા આવ્યા છીએ.



રાહુલ ગાંધી પર નિશાન સાધતા પીએમ મોદીએ જણાવ્યું કે ન તમે ચાંદીની ચમચી લઈને જન્મ્યા છીએ ન હું. ન તો તમારા દાદા-દાદી રાજ કરતા હતા ન તો મારા. એક કામદાર તમારી પાસેથી આશીર્વાદ લેવા આવ્યો છે. સબકા સાથ સબકા વિકાસ મંત્ર આંબેડકર અને જ્યોતિબા ફુલે સાથે જોડાયેલો છે.

પીએમ મોદીએ જણાવ્યું કે રાજસ્થાનમાં એક કામદાર, એક નામદાર સામે લડાઈના મેદાનમાં છે. જે જિંદગી તમે જીવી રહ્યા છો તે જિંદગી મેં જીવી છે. ના તમે સોનાના ચમચી લઈને જન્મ્યા છો અને ના હું સોનાના ચમચી લઈને જન્મ્યો છું. ના, તમારા પરિવારમાં કોઈ રાજ કરે છે કે ન મારા પરિવારમાંથી કોઈ. આજે એક કામદાર તમારી પાસેથી કામ માંગવા આવ્યો છે.

પીએમ મોદીએ જણાવ્યું કે સરકાર ગરીબ લોકો માટે હોય છે. સરકાર સામાન્ય માનવ માટે છે. જો એક ગરીબ બીમાર પડી જાય તો સરકાર સિવાય તેની પાસે કોઈ સહકાર નથી હોતો. જો અમીર બીમાર હો, તો તેના ઘરની સામે ૧૦ ડોક્ટરોની લાઈન લાગશે. તે હવાઈ જહાજ લઈને જતો રહેશે. જે સોનાની ચમચી લઈને જન્મ્યા છે તેમને શું ખબર કે પગમાં કાંટો વાગવાની પીડા શું હોય છે. હું જાણું છું.

વસુંધરા રાજેની સરકારની પ્રશંસા કરતા પીએમ મોદીએ જણાવ્યું કે રાજસ્થાનમાં જો પાણીની વ્યવસ્થા થઈ જાય છે તો અહીંના લોકો સોનું ઉઠાવવાની તાકાત ધરાવે છે.

# શીખ વિરોધી રમખાણમાં ૮૮ અપરાધીઓની સજા યથાવત

## નિચલી કોર્ટના ચુકાદાને હાઈકોર્ટે યોગ્ય ઠેરવ્યો

નવી દિલ્હી, તા. ૨૮

દિલ્હી હાઈકોર્ટે પૂર્વીય દિલ્હીમાં ત્રિલોકપુરી વિસ્તારમાં વર્ષ ૧૯૮૪માં શીખ વિરોધી રમખાણ દરમિયાન થયેલી હિંસાના મામલામાં નિચલી કોર્ટના ચુકાદાને આજે યોગ્ય ઠેરવ્યો હતો. નિચલી અદાલતે ૮૮ લોકોને દોષિત ઠેરવીને પાંચ-પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી જેના ઉપર ૨૨ વર્ષના લાંબાગાળા બાદ હાઈકોર્ટે મંજુરીની મહોર મારી હતી. દોષિતોને ૨૭મી ઓગસ્ટ ૧૯૯૬ના દિવસે ટ્રાયલ કોર્ટે આપેલા ચુકાદાને પડકાર ફેંકવામાં આવ્યો હતો. ટ્રાયલ કોર્ટે તેમને હિંસા ફેલાવવા, ઘર ફૂંકી મારવા, સંચારબંધીનો ભંગ કરવાના મામલામાં દોષિત ઠેરવવામાં

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય